
॥ હરિઃૐ ॥

# ભાવ

- પૂજ્ય શ્રીમોટા



પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટા વિરચિત

# ભાવ

: સંપાદક :

**શ્રીમતી કુમુદબહેન શશિકાંત પટેલ**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

- પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
  હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
  કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
  જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
  ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

- આવૃત્તિ ચોથી ૨૦૧૪ - પ્રત ૧૦૦૦

- કિંમત : રૂ. **૫/-**

- મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

- ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

- ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,** અમદાવાદ-૧૪,
  ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

- મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨
  ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

હરિઃૐ

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે ભક્તિ અને ભાવથી
તરબોળ,
તેમ જ
૨૧ વખત ૨૧ દિવસના મૌન પૂર્ણ
કરનાર, એવાં
**સુ. શ્રી ભામિનીબહેન યોગેન્દ્રભાઈ પાઠકને**
સપ્રેમ સમર્પણ

તા. ૮-૪-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી, સં. ૨૦૭૦, હરિઃૐ આશ્રમ, સુરત

હરિઃૐ

## પ્રિય ભાઈ શશિકાંતભાઈ રાવજીભાઈ પટેલને

# સપ્રેમ સમર્પણાંજલિ

તમે કેટલું ને કેવું, કર્યું 'મોટા'નું કર્મ તે,
કશો હું બદલો તેનો આપી ના શકું કો રીતે. ॥
આણી ઉમળકો હૈયે - પોતાનાં કર્મને જતું-
-કરી તમે બધી રીતે - કેવું કર્મ કર્યાં કર્યું ! ॥
ચીવટ, કાળજી યોગ્ય, કર્મે કૌશલ્ય દાખવી,
વ્યવસ્થાપૂર્ણ સૌ કર્મ ચહો ઉતારવા વળી. ॥
ખંત, ઉદ્યમ, ઉદ્યોગ, દિલ ઉત્સુકતા નરી-
દાખવતા રહી કેવી ઉજમાળા થયા વળી. ॥
મારું જે તે કર્યાં કીધું, કંટાળ્યા છો નથી જરા,
એને આપી શું આપી હું શકું, કૈં યોગ્ય જે ભલા ! ॥
'ભાવ'ની અંજલિ સાથે ભાવની પુસ્તિકા રૂડી,
હૈયાઉમળકે અર્પું હું આ સમર્પણાંજલિ ! ॥

સુરત તા. ૩-૧૨-૧૯૭૧ -મોટા


(અનુષ્ટુપ)

મોટા ! ભાવની સ્હેજે સમજ કૈં પડતી ન છે,
'ભાવની સ્પષ્ટતા થાય' એવું કૈંક લખો તમે.

કરી ફરી ફરી યાદ પ્રેર્યો શો લખવા મને !
ભાવની પર તેથી તો શો પ્રેરાયેલ છું હૃદે !

એટલે જેવું તેવું આ કૃપાથી જે લખાયું છે,
આવા પ્રસંગ ટાણે આ ખુલ્લું મૂકી દઉં હવે.

●



# ભાવ

(અનુષ્ટુપ)

સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંપૂર્ણ ને જે પાછું અવ્યક્ત છે,
પ્રસરે છે થતાં વ્યક્ત આધારે રોમરોમયે. ૧

શબ્દમાં શબ્દથી એને વર્ણવી ના શકાય છે,
અક્ષરાતીત છે ભાવ, અંતરે પરખાય છે. ૨

એકાગ્રતા નરી જેમાં ના સંકલ્પ વિકલ્પ છે,
નીરવતા ભરી લાગે, ભાવ એને પ્રમાણજે. ૩

દ્વંદ્વ ને ગુણનો દેશ ભાવ પોતે કદી ન તે,
જીવદશાથીયે ક્યાંયે ઊર્ધ્વે ભાવપ્રદેશ છે. ૪

પ્રકૃતિથી જવાતાંમાં ઊર્ધ્વે શો આપમેળ જે
-પ્રગટે અંતરે, જાણો ભાવ ખરેખરો હૃદે. ૫

'પ્રકૃતિથી થવાયે શેં ઊર્ધ્વ ?' એમ પૂછે બધાં !
પ્રકૃતિથી ઊંચી એવી ભૂમિકામાં પ્રવર્તવું. ૬

સ્મરણ, પ્રાર્થના ભાવે ભજનો કીર્તનાદિનો
-લાંબા ગાળાતણો પૂરો અભ્યાસ પાડતાં જતાં ૭

-પડંતાં રસ તેમાં જ્યાં, મનાદિ શમતાં તદા
-પોતાના વ્યવહારોથી, ભાવની ઉપસ્થિતિ ત્યાં. ૮

પ્રકૃતિથી જવા ઊંચે ઊર્ધ્વ પ્રકારના હૃદે,
મનાદિને ઘટે પ્રોવાં તેવા મનન ચિંત્વને. ૯

ગાઢ નીરવતા જેમાં, એકાકારપણું હૃદે,
મનન ચિંત્વનેયે ના, નરી શી સ્તબ્ધતા બધે ! ૧૦

એવો જે ભાવ સ્ફુરેલો સ્પર્શે મૂળે મનાદિને
-અખંડાકાર સંપૂર્ણ થતાં, પછી મનાદિને ૧૧

-મૂળથી ફેરવાવાને ભાવ શો શક્તિમાન છે !
ભાવથી સર્વ આધારે ચેતના શી પ્રવર્તશે ! ૧૨

ભાવને નવ આકાર નિશ્ચિત કો પ્રકારનો,
એને જે કોઈ સત્કારે ત્યાં તે પોતે ઠરે ખરો. ૧૩

જાગતાં, જામતાં ભાવ ગાઢતા ઉચ્ચ શિખરે
-પ્હોંચતાં પૂર્ણતા ટોચે તે અવતરતો પછે. ૧૪

પારસમણિ છે ભાવ જેને સ્પર્શે ભલે જરા,
તોય બદલવાને તે તેને તેને ચહે તદા. ૧૫

ભાવમાં ગતિ છે પૂરી, છતાંયે વરતાય ના,
આધારે પ્રસરાતાં તે ક્યાંક તો અટકે કદા, ૧૬

એને ઓળંગવા ત્યારે પોતે પ્રયત્ન ના કરે,
વારંવાર થતાં સ્પર્શે એનું ત્યાં કામ તે કરે. ૧૭

ભાવ સળંગ ચેતેલો ક્રિયાશીલ પ્રવર્તતો,
એકધારો વહે જ્યાં ત્યાં એવું નિશ્ચિત ના પૂરું. ૧૮

વહેતાં ને વહેતાં જે જ્યાં જ્યાં ઊતરતો જતો,
ખચકો ખટકો એને રસ્તે ક્યાંક નડ્યે જતો. ૧૯

ભાવનો અટકાઈ તે પડવાનો ન ધર્મ છે,
કરણો આડખીલી ત્યાં શાં બનેલાં જ હોય છે ! ૨૦

છતાં ત્યાં ભાવનો નિત્યે નિત્ય સ્પર્શ થવાથીયે,
એવો તે ભાવનો સ્પર્શ ભજવે ભાગ નિશ્ચયે. ૨૧

સાધનાદિતણો ભાવે થતાં અભ્યાસ અંતરે,
નિરંતરે થતાં એવો અભ્યાસ, ભાવ નીતરે. ૨૨

મનન ચિંત્વને એના જે આઠે પ્હોર રહે હૃદે,
તેને અનુભવે ભાવ આવે છે દિલ જીવને. ૨૩

એકવાર હૃદે જેને ભાવનો સ્વાદ લાગતો,
આકર્ષાતો હૃદે એવો ખેંચાતો ભાવમાં ઊંડો. ૨૪

વિચાર, વૃત્તિ કે બીજી કશી ના લાગણી વળી,
ભાવમાં એવું અસ્તિત્વ કશાનું હોય છે નહીં. ૨૫

છતાં પાછો ન તે ભાવ અકર્માત્મક જીવને,
ભાવનું કર્મ તો નિશ્ચે ચેતના સ્પર્શનું ખરે. ૨૬

શી નિરંતરતા ગાઢ થતાં ભાવની ઊર્ધ્વમાં !
માંડે પ્રસરવા ભાવ ઊંડે ઊંડેય ગર્તમાં. ૨૭

સ્પર્શવા ભાવને યોગ્ય પાત્રતા, યોગ્ય ભૂમિકા,
નિરંતરતણા ભાવે અભ્યાસથી થતી તદા. ૨૮

એવા અભ્યાસમાં જેને હૈયે જ્યાં હર્ષ ઊછળે,
એકાગ્રતા થતાં ઊંડી, ભાવ નિષ્પન્ન થાય છે. ૨૯

એવો સહજ તે ભાવ એની મેળે ન જાગશે,
જગાડવા હૃદે ભાવ તેવા અભ્યાસમાં ઊંડે ૩૦

-એકધારો રહે મગ્ન એના એ જ નશા વિશે,
તેવાના અંતરે ભાવ સ્ફુરે છે આપમેળ તે. ૩૧

જેના જીવનમાં ભાવ નિરંતરે જ વ્યાપ્ત છે,
તેને જીવનમાં કર્મે ના કૈં વિચારવાનું છે. ૩૨

કર્મની યોજના એને પડે ના કરવી કદી,
આપમેળે સ્ફુરે છે તે ભાવનો તે પ્રતાપ છે. ૩૩

ભાવ એવો થતો પોતે સદ્‌ગુરુ જીવને સદા,
યોગ્યાયોગ્યતણું ભાન એને મેળે ઊગે તદા. ૩૪

પોતે જ દિલમાં પ્રીછે પોતાને મૂળ રૂપથી,
ભાવ આત્માનું તો પૂર્ણ પ્રતિબિંબ સ્વરૂપથી. ૩૫

પ્રવર્તાતાં હૃદે ભાવ જેમાં તેમાં બધાં વિશે-
પૂર્ણતાનો ઊંડો ઊંડો આસ્વાદ દિલ લાગશે. ૩૬

જેમાં તેમાં બધાં વિશે, હો કદરૂપું છો ભલે-
છતાં સૌંદર્ય કેવું ત્યાં ભર્યું ભર્યું જ લાગશે ! ૩૭

નરી પ્રસન્નતા પૂર્ણ સૌ વ્યવહારમાં જગે,
ભાવ હોવાતણો એવો પ્રભાવ ને પ્રતાપ છે ! ૩૮

વ્યક્તતા ચેતનાકેરી ભાવ તે પરિણામ છે,
ભાવથી ભાવમાં પૂર્ણ શૂન્યાવસ્થા ભરેલ છે. ૩૯

ભાવને ના અજાણ્યું છે ક્યાંયે જીવનમાં કશું,
સ્હેજ સ્પર્શ થતાંવેંત પારખે મૂળથી બધું. ૪૦

ભાવમાં જ્ઞાનનો ભાગ, ભાવમાં ભક્તિ પૂર્ણ છે-
જન્મે છે ભાવથી કર્મ, ભાવ એવો ત્રિવેણી છે. ૪૧

કોઈ અકથ્ય ભૂમિકામાંથી ભાવ ઊગી અને
-પ્રકૃતિને ઊંડું ઊંડું સ્પર્શતાં સ્પર્શતાં કર્યે- ૪૨

એમ અનેક વેળાએ અનંત વાર ભાવનો
-લાગ્યા તે કરવાથી ત્યાં સ્પર્શ, પ્રકૃતિમાંય તો ૪૩

-પાસ એનો પડ્યા વિના રહેતો નથી નિશ્ચયે
ને વારંવારનો સ્પર્શ સ્વભાવ પલટાવશે. ૪૪

શો નિરાકાર આત્મા છે ! આત્માનું વ્યક્તત્વ જે
-નિરાડંબર શો ભાવ લાગતાં જ્યાં પ્રવર્તતે ! ૪૫

અખંડાકાર તે ભાવ થતાં સંપૂર્ણ જીવને,
સંચાલક બને પોતે ત્યારે જીવનનો ખરે ! ૪૬

એવા તે ભાવમાં પોતે પ્રકૃતિ તેનું માધ્યમ,
સ્વાભાવિક રીતે પાત્ર બને છે યોગ્ય, જીવન. ૪૭

ભાવ કેળવવા તેથી શ્રેયાર્થીએ સદા હૃદે,
પોતાના જીવને તેનું મહત્ત્વ ધારવું ઘટે. ૪૮

ભાવ તે વધતો ર્હે ને જીવતો પ્રગટ્યા કરે,
એ રીતે સાધનાભ્યાસે ર્હેવું વળગી અંતરે. ૪૯

થવા સાકાર તો ભાવ કર્મ અગત્યનાં ખરે,
કર્મને પ્રભુપ્રીત્યર્થ તે તે આચરવાં ઘટે. ૫૦

મળેલાં કર્મમાં ભાવ નીતરતો દઢાવતે,
કર્મ તે યજ્ઞમાં કેવું તત્કાળે જ પરિણમે ! ૫૧

યજ્ઞભાવે થતાં કર્મ છો હો પ્રકૃતિનાં જ તે,
કિંતુ ભાગ મહત્ત્વે ત્યાં ભજવે ભાવ મોખરે. ૫૨

કર્મ તો માત્ર ખોખું છે ભાવને અવતારવા,
કર્મનું પાત્ર તે યોગ્ય કર્મ પોતે તરાવવા. ૫૩

ભાવનીયે ભૂમિકાઓ છે જુદી જુદી જીવને,
મંદ ભાવ વળી ગાઢ વર્તતો ભાવ તે રીતે. ૫૪

તે તે ભાવની સ્થિતિમાં પ્રકૃતિનું રૂપાંતર,
યોગ્ય રીતે પૂરેપૂરું થવા શક્ય ન જીવન. ૫૫

સંપૂર્ણ ગાઢતા ટોચે ભાવ પહોંચતાં હ્રદે,
ત્યાં નિરંતરતા જામ્યે પ્રકૃતિ ઊર્ધ્વ થાય છે. ૫૬

પ્રકૃતિની ભૂમિકાથી ઊર્ધ્વ પ્રદેશ ક્ષેત્રમાં
-જે લઈ જાય છે, તેને ભાવ પ્રમાણવો સદા. ૫૭

ભાવ જે પ્રગટેલો છે કેળવાયેલ ભાવ જે,
મૌલિક ભાવ જે વ્હે છે આપમેળેથી જીવને, ૫૮

એવો પ્રત્યેક જે ભાવ નિરાળો શો જુદો જુદો !
સર્વોત્તમ સહુથીયે સહજભાવ મૌલિકે. ૫૯

ભાવને કેળવાવાને જિજ્ઞાસા તે પ્રકારની,
પ્રચંડ અગ્નિના જેવી જેની શી સળગેલી છે ! ૬૦

તેવા જ માત્ર તો ભાવ કેળવી શકશે હ્રદે,
બાકીનાનું ગજું ના છે ભાવ કેળવવા ખરે ! ૬૧

જિંદગાનીનું તો ભાવ સાચી કમાણી આખરે,
મળંતાં ભાવ તો સર્વ મળેલું જાણવું જગે ! ૬૨

પ્રદેશો ભાવના દિવ્ય, સ્વતંત્ર એકએકથી,
છતાં પાછા જુદા જુદા મૌલિક એકએકથી. ૬૩

એવા પ્રત્યેક તે ભાવની દુનિયા નિરાળી છે,
સમગ્રે તાંતણો તેમાં, ચેતનાનો સળંગ છે. ૬૪

કેવો ભાવ આનંદ તેને વર્ણવવા કશી
-તાકાત શબ્દની ના છે, છે શબ્દાતીત ભાવ તે. ૬૫

પ્રવર્તે ભાવમાં ભાવ સૂક્ષ્મ તે ભૂમિકા વિશે-
પોતે સાક્ષી થયા વિના પિછાણી ના શકાય છે. ૬૬

ચેતનાનાં જુદાં જુદાં સ્વરૂપ ભાવ રીતનાં,
ભાવના કારણે એવાં રૂપો જણાય છે તદા. ૬૭

સૌ ભાવની પ્રમાણેનું જે જે આવે અનુભવે,
થતાં તાદાત્મ્ય ત્યાં પોતે પાછો કેવો નિરાળો છે! ૬૮

અનંત રૂપવાળું જે ચેતનાનું સ્વરૂપ છે,
તે તો તેવા જ તે ભાવને લીધે તેમ તેમ છે. ૬૯

બાકી તો ચેતનાને ના કોઈ આગવું રૂપ છે,
કરે સાકાર તો ભાવ ચેતનાને જ અંતરે. ૭૦

ભાવયે ના રહે સ્હેજે, શૂન્યાવકાશ પૂર્ણ જે,
ભાવાતીત અવસ્થા તે, સાક્ષીભાવે મ્હલાય છે. ૭૧

જેમાં તેમાં બધાંનામાં આત્માનુભવની વિશે,
મહત્ત્વનો ખરો પૂરો છે સાક્ષીભાવ મોખરે. ૭૨

સાક્ષીભાવ વિના પૂરો ડૂબી જવાની શક્યતા
-પ્રવેશો જે વિશે તેમાં પૂરેપૂરી જ છે તદા. ૭૩

ભાવયે જે ન પાક્યો છે, ઉચ્ચમાં ઉચ્ચ શિખરે,
પહોંચ્યો છે ન તે ભાવે સાક્ષીભાવ ન છે હૃદે. ૭૪

ભાવમાં ભાવથી નોખો પાછો જે ભાવ હોય છે,
તે ભાવને કયું નામ દેવું તે નવ સૂઝ્યું છે. ૭૫

અનેક ચઢિયાતા છે ભાવયે એકએકથી,
તેવા સૌ ભાવનું ભાન પ્રીછે માત્ર અનુભવી. ૭૬

ભાવથી ભાવની પૂર્ણ તે નિરંતર ગાઢતા,
થતાં પક્વ પરિપૂર્ણ ભાવાતીત થવાય ત્યાં. ૭૭

પોતાનામાં પૂરેપૂરો ભાવ પોતે જ મગ્ન છે,
ભાવ વિનાનું અસ્તિત્વ બીજું કૈં ભાવમાં ન છે. ૭૮

સંપૂર્ણ ભાવમાં લીન રહેવાતાં હૃદે છતાં
-નિમિત્તે જે મળે કર્મ તે તે થયા કરે તદા. ૭૯

મહત્ત્વ મોખરે ભાવ હોવા છતાં પૂરેપૂરો,
મળેલાં કર્મનું જ્ઞાનભાન એને રહે ખરું. ૮૦

હોવા છતાં નિરાકાર જેમ સાકાર તે જ છે,
અનુભવી રીતે તેવી પ્રવર્તે કર્મ જીવન. ૮૧

થાય મૌલિકતાનાં શાં દર્શન દિલ ભાવમાં !
નવાં નવાં અનેરાં એ એકએકથીયે જુદાં. ૮૨

અખંડ ભાવનું હૈયે સાતત્ય જીવતું થતાં,
કેવા કેવા નવા સૂક્ષ્મ દિવ્ય દેશો થતા છતા ! ૮૩

સળંગ તે બધાં વિશે અનોખો એક ભાવ છે,
ત્યાંયે મૌલિકતાના શા નોખા ભાવ પ્રદેશ છે ! ૮૪

પ્રદેશો ભાવના કેવા અકલ્પ્ય ને અગમ્ય છે !
ભાવ અખંડતામાં તે પથે આવે અનુભવે. ૮૫

સૂક્ષ્મ ને દિવ્ય તે એવા પ્રદેશોનીય શક્તિ તે,
ન્યારી ન્યારી જ શક્તિ શી ! અનોખી શી જુદી જ છે ! ૮૬

પ્રત્યેક ભાવના દેશે કળા સૌંદર્ય જુદું છે,
શો આત્યંતિક જે ભાવ વર્ણનાતીત તે ખરે ! ૮૭

ભાવને પામતાં કેવો ન્યાલ ન્યાલ થયો હૃદે,
લળી લળી નમું એવા ભાવને ભાવથી પદે ! ૮૮

॥ હરિઃૐ ॥

|| હરિ:ૐ ||

# પૂજ્ય શ્રીમોટા વિરચિત

## ૐ શરણ-ચરણ લેજો !

ૐ શરણચરણ લેજો,
પ્રભુ શરણચરણ લેજો, (૨)
પતિત ઉગારી લેજો (૨),
કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો,
કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨)
કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે,
દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ

છો અપમાન થયાં હો (૨)
ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ,
ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨)
ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો,
પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨)
ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ,
તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨)
સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો,
તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨)
એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ,
દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨)
દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ !
તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨)
છોળો ઊછળજો. ...ૐ શરણ.
**-શ્રીમોટા**

॥ હરિ:ૐ ॥

॥ હરિઃૐ ॥

જીવન વાતોથી ના મળશે, જીવન ના લક્ષ્મીથી મળશે,
જીવન ના બુદ્ધિથી મળશે, જીવન તો ભાવથી મળશે.

'જીવન પગલે', બી. આ., પૃ. ૬૫

કર્મ જ્યાં ભાવથી થાય, શાંતિ, પ્રસન્નતા ટકે,
તાટસ્થ્ય, સમતા, કેવાં ભભૂકેલાં ખરાં રહે !

'ભાવકણિકા', પ્ર.આ., પૃ.૩૩

ભાવને કોઈ ભાષા ના, ભાવને કોઈ વાણી ના,
વિચાર ભાવમાં કૈં ના, ભાવને વર્ણવાય ના.

'ભાવજ્યોતિ', પ્ર.આ., પૃ. ૯૦

દ્વંદ્વ ને ગુણ ના હોય ભાવમાં તો કદી પણ,
શો સર્વોપરી તો ભાવ તેથી તે હોય જીવન !

'ભાવરેણુ', પ્ર.આ., પૃ. ૧૦

- શ્રીમોટા

કિંમત : રૂ. ૫/-